**Enrollment No: _______________________ Exam Seat No:_______________________**

# C. U. SHAH UNIVERSITY

## Winter Examination-2019

**Subject Name: Compulsory Accountancy - I**

**Subject Code: 4CO01CAC2 Branch: B.Com (Gujarati)**

**Semester : 1 Date : 21/11/2019 Time : 02:30 To 05:30 Marks : 70**

Instructions:

(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q-1 Attempt the following questions: (14)**

**a)** નવે પેઢી જે દેવાં – જવાબદારી સ્વીકારે તેને જૂની પેઢી પોતાના ચોપડામાં – 1

(A) નવી પેઢી ખાતે ઉધાર (B) નવી પેઢી ખાતે જમા

(C) મૂડી ખાતે ઉધાર (D) એક પણ નહિં

**b)** નવી પેઢીએ નહિ લીધેલ મિલકતો ભાગીદારોના મૂડીખાતે ... 1

(A) સરખા પ્રમાણમાં (B) મૂડીના પ્રમાણમાં

(C) જૂના પ્રમાણમાં (D) ભાગીદરો નક્કી કરે તે પ્રમાણમાં

**c)** આસામી આડત શેના પર અપાય છે? 1

(A) કુલ વેચાણ પર (B) ઉધાર વેચાણ પર (C) રોકડ વેચાણ પર (D) મોકલેલ માલ પર

**d)** આસામી આડત આપવામાં ન આવતી હોય અને ઉધાર વેચાણ અંગે ઘાલખાધ પડે ત્યારે માલધણીના ચોપડેમાં ક્યું ખાતું ઉધાર થશે? 1

(A) દેવાદારનું ખાતું (B) આડતમાલનું ખાતું (C) માલધણીનું ખાતું (D) એક પણ નહિં

**e)** આડતિયાએ પોતે ખરીદી લીધેલ માલ પર કઈ આડત ચૂકવાય છે? 1

(A) સાદી આડત (B) વધારાની આડત (C) આસામી આડત (D) આડત ચૂકવાતી નથી

**f)** રાશના ધંધા માટે નીચેની પ્રવૃત્તિ અનુકૂળ છે? 1

(A) નદી પરના પુલનું બાંધકામ (B) કાપડની દુકાન

(C) દવાની દુકાન (D) સિમેંટ એજન્સી

**g)** નીચે દર્શાવેલ ખાતાં પૈકી ક્યું ખાતું રાશના હિસાબોના ભાગરૂપે ખોલવામાં આવતું નથી? 1

(A) સંયુક્ત બેન્ક ખાતું (B) રાશ ખાતું

(C) સહભાગીદારનું ખાતું (D) સ્ટોક અનામતનું ખાતું

**h)** રાશ ખાતું કોના જેવું છે? 1

(A) ફક્ત વેપાર ખાતા જેવું (B) ફક્ત નફા – નુકસાન ખાતા જેવું

(C) વેપાર ખાતાં અને ન.નુ ખાતાના મિશ્રણ જેવું (D) ફક્ત પાકા – સરવૈયાં જેવું

**i)** સંયુક્ત જીવનવીમા પોલીસીના પ્રીમિયમના હિસાબો લખવાની કેટલી રીત છે? 1

(A) 2 (B) 4 (C) 3 (D) 5

**j)** સંયુક્ત જીવન વીમા પોલીસીના હિસાબો અનામત ખાતા દ્વારા લખવામાં આવે ત્યારે ભરેલ પ્રીમિયમને ક્યા ખાતે ઉધારાય છે? 1

(A) ન.નુ. ખાતે (B) વેપાર ખાતે (C) પોલીસી ખાતે (D) એક પણ નહિં

**k)** સંયુક્ત જીવન વીમા પોલીસીનું વાર્ષિક પ્રીમિયમ રૂ. 35,000 છે અને શરણમૂલ્ય શૂન્ય છે, તો માંડી વાળવાની રકમ ... 1

(A) રૂ. 35,000 (B) શૂન્ય (C) 17,500 (D) એક પણ નહિં

**l)** નાણાકીય હિસાબોનું પ્રેઝનટેશન ક્યું હિસાબી ધોરણ છે? 1

(A) 1 (B) 2 (C) 3 (D) 4

**m)** હિસાબી ધોરણ નંબર રિપોર્ટીંગ સમય પછીના બનાવો ક્યારથી લાગુ પાડયા ? 1

(A) 1-4-1995 (B) 1-4-1993 (C) 1-4-1980 (D) 1-4-1991

**n)** હિસાબી ધોરણ નંબર 2 ક્યું છે? 1

(A) રોકડ પ્રવાહ પત્રક (B) ઈન્વેન્ટરી (C) સંયોજન (D) ઘસારો

**Attempt any four questions from Q-2 to Q-8**

**Q-2** **Attempt all questions** **(14)**

**(a)** તા. 1-10-2013ના રોજ નૂર અને કબીર અનુક્રમે 3:2ના પ્રમાણમાં નફો વહેંચવાની શરતે જોડાયા. તેઓએ અનુક્રમે રૂ. 30,000 અને 20,000 સંયુક્ત બેંક ખાતામાં જમા કરાવ્યા. સંયુક્ત બેંક ખાતાંનો ઉપયોગ ખરીદી અને વેચાણ માટેજ કરવાનો છે. **7**

નૂરને દર મહિને રૂ. 1,000નો પગાર અને કબીરને તેણે વેચેલ માલ પર 8% લેખે કમિશન આપવાનું છે. સંયુક્ત સાહસના વ્યવહારો નીચે મુજબ છે:

1. નૂરે 22,500નો માલ ખરીદ્યો અને રૂ. 250નો ખર્ચ કર્યો.
2. કબીરે 19,000નો માલ ખરીદ્યો અને 200 ખર્ચના ચૂકવ્યા.
3. કબીરે અમુક માલ 50,000માં વેચ્યો અને ખર્ચના રૂ.100 ચૂકવ્યા.
4. બાકીનો માલ નૂરે રૂ. 15,000માં પોતાના અંગત વપરાશ માટે ખરીદ્યો.
5. નૂરે રૂ. 500 ખર્ચના ચૂકવવાનું સ્વીકાર્યું.
6. રાશનો ધંધો તા.31-3-2014ના રોજ બંધ થાય છે.

ઉપરની માહિતી પરથી,રાશ ખાતું, ભાગીદારના મૂડી ખાતાં અને સંયુક્ત બેંક ખાતું તૈયાર કરો.

**(b)** સામાન્ય નુકસાન અને અસામન્ય નુકસાન સમજાવો. **7**

**Q-3**

હિરો અને ભાનુ તેમની પેઢીમાં 2:1ના પ્રમાણમાં તથા સરિતા અને ચેતના 3:1ના પ્રમાણમાં નફો નુકસાન વહેંચે છે.બન્ને પેઢીના પાકાં સરવૈયાં નીચે મુજબ છે. **14**

| મૂડી – દેવાં | હિરો ભાનુ | સરિતા ચેતના | મિલકતો | હિરો ભાનુ | સરિતા ચેતના |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં:** હિરો | 15,000 | - | ફર્નિચર | 7,000 | 8,000 |
| ભાનુ | 12,000 | - | સ્ટૉક | 10,000 | 13,000 |
| સરિતા | -- | 20,000 | દેવાદારો | 12,000 | 15,000 |
| ચેતના | - | 10,000 | લેણીહૂંડી | 4,000 | 6,000 |
| સા.અનામત | 6,000 | 10,000 | રોકડ | 13,000 | 14,000 |
| અકસ્માત ભંડોળ | 3,000 | 2,000 | | | |
| લેણદારો | 10,000<br>**46,000** | 14,000<br>**56,000** | | **46,000** | **56,000** |

બન્ને પેઢીએ સંયોજન કરી નવી પેઢી સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું. સંયોજનની શરતો નીચે મુજબ હતી.

**1)** બન્ને પેઢીના ફર્નિચરની કિંમતમાં 10% ઘટાડો કરવો. **2)** બન્ને પેઢીના સ્ટૉકની કિંમતમાં 20% વધારો કરવો. **3)** દેવાદારો પર 10% ઘાલખાધ અનામત ગણવી.

**4)** હિરો - ભાનુની પાઘડીની કિંમત રૂ. **6,000** અને સરિતા – ચેતનાની પાઘડીની કિંમત રૂ. **16,000** ગણવાની છે. **5)** હિરો – ભાનુની લેણીહૂંડી રૂ. 3,600માં હિરો લઇ લે છે. અને સરિતા – ચેતનાની લેણીહૂંડી નવી પેઢી રૂ.4,500માં લઇ લેશે.

તૈયાર કરો: 1. નફા-નુકસાન હવાલા ખાતું 2. ભાગીદારોના મૂડી ખાતાં 3. નવી પેઢીનું પાકું સરવૈયું.

**Q-4** **Attempt all questions** **(14)**

(a) રાશના ધંધામાં નીચેના હવાલાની આમનોંધ લખો. **7**

1) રાશના ધંધામાં ખોટ – નુકસાન વહેંચાણની નોંધ.
2) કુલ વેચાણ પર કમિશન આપવામાં આવે ત્યારે
3) રાશના ધંધા માટે ખર્ચ ચૂકવવામાં આવે ત્યારે
4) રાશના ધંધા માટે રોકડેથી વેચાણ કરવામાં આવે ત્યારે
5) રાશ માટે અંગત ધંધામાંથી માલ પૂરો પાડવામાં આવે ત્યારે
6) રાશના ધંધામાં માલસામાનની રોકડેથી ખરીદી થાય ત્યારે
7) રાશના ધંધા માટે ઉધાર વેચાણ થાય ત્યારે

(b) રાશ અને આડતમાલનો તફાવત આપો. **7**

**Q-5**

અર્જુન જેનું હિસાબી વર્ષ દર વર્ષે 31મી માર્ચના રોજ પૂરું થાય છે. તા. 1-2-2016ના રોજ તે 100 ટી.વી દરેકની પડતર રૂ. 3,000 તે સુરેન્દ્રનગરના અભિમન્યુને આડતથી વેચવા મોકલે છે. માલ મોકલતી વખતે રૂ. 5,000 નૂર અંર વીમાના ચૂકવે છે. મુસાફરી દરમિયાન 15 ટી.વી. ને નુકસાન થાય છે અને વીમા કંપની દાવાના રૂ. 10,000 ચૂકવે છે. અભિમન્યુ માલની ડિલીવરી મેળવે છે અને તેના પર લખાયેલી રૂ.2,50,000ની હૂંડી **14**

તરતજ સ્વીકરે છે. અને નીચેની માહિતી આપે છે.

1) તેણે ટી.વી દીઠ રૂ. 4,500 લેખે 75 ટી.વી. વેચ્યા.

2) તેણે ગોડાઉન ભાડું રૂ. 4,000, માલ છોડાવાનો ખર્ચ રૂ. 8,500, જાવકમાલ ગાડાભાડું રૂ. 3,500 ચૂકવેલ છે. તેણે કરેલ વેચાણ પર 10% લેખે કમિશન આપવાનું છે.

ઉપરની માહિતી પરથી અર્જુનના ચોપડે આડતમાલનું ખાતું અને આડતિયાનું ખાતું બનાવો.

**Q-6 Attempt all questions (14)**

(a) રાશખાતાનો અર્થ આપી તેના લક્ષણોની ચર્ચા કરો. **7**

(b) શિતલ,વંદના અને પ્રત્યુશા 2:1:1ના પ્રમાણમાં નફોનુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 1-1-2006ના રોજ વાર્ષિક રૂ. 15,000ના પ્રીમિયમથી રૂ. 1,75,000ની ભાગીદારોની સંયુક્ત જીવન વીમા પોલિસી પેઢી લે છે. પોલીસીનું શરણ મૂલ્ય નીચે મુજબ હતું: **7**

| **વર્ષ** | 2006 | 2007 | 2008 | 2009 |
|---|---|---|---|---|
| **શરણમૂલ્ય** | શૂન્ય | રૂ.3,000 | રૂ.9,000 | રૂ. 18,000 |

તા. 10મી ફેબ્રુઆરી 2010ના રોજ પ્રત્યુશા અવસાન પામે છે. વીમા કંપની દાવાની રકમ રૂ. 2,00,000 બોનસ સહિત ચૂકવે છે. હિસાબો 31મી ડિસેમ્બરના રોજ પૂરા થાય છે.

પેઢીના ચોપડે સંયુક્ત જીવન વીમા પોલિસી ખાતું અને સંયુક્ત જીવન વીમા પોલિસી અનામત ખાતું તૈયાર કરો.

**Q-7 Attempt all questions (14)**

(a) સંયુક્ત જીવન વીમા પોલીસી એટલે શું**?** પોલીસીનું શરણ મૂલ્ય સમજાવો. **7**

(b) પિયુષ**,** પ્રમોદ અને પ્રહલાદ 3:2:1ના પ્રમાણમાં નફો – નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. તેમણે તા. 1-1-2011ના રોજ રૂ. 9,000નું વાર્ષિક પ્રીમિયમ ભરીને રૂ. 90,000ની પોલિસી લીધી. તેમણું હિસાબી વર્ષ દર વર્ષે 31મી ડિસેમ્બરના રોજ પૂરૂં થાય છે. પ્રહલાદ તા. 15-2-2014ના રોજ અવસાન પામી. અને તેજ દિવસે પોલિસીની રકમ મળી ગઈ. **-** ઉપરની માહિતી પરથી આમનોંધ લખો જો **7**

1) જો વીમા પ્રીમિયમની રકમ મહેસૂલી ખર્ચ ગણવામાં આવે તો

2) જો વીમા પ્રીમિયમની રકમ મૂડી ખર્ચ ગણવામાં આવે તો.

**Q-8 Attempt all questions (14)**

(a) હિસાબી ધોરણ નંબર 5 સમજાવો. **7**

(b) હિસાબી ધોરણ નંબર 3 રોકડ પ્રવાહ પત્રક સમજાવો. **7**